# ઈશુદાન ગઢવી 'આપ'ના મુખ્યમંત્રી પદના ઉમેદવાર

**ઈશુદાનને મુખ્યમંત્રી તરીકે ગુજરાતની જનતા પસંદ કર્યાનો દાવો, વોટિંગમાં ૧૬,૪૮,૫૦૦ મત મળ્યા : આપના રાષ્ટ્રીય સંયોજક કેજરીવાલની જાહેરાત**



નવી દિલ્હી, તા.૪

આમ આદમી પાર્ટી રંગેચંગે ચૂંટણી અભિયાનમાં આગળ વધી રહી છે. દિલ્હીનું લાગુ કરેલું મોડલ પંજાબમાં લાગુ કરીને સત્તા હાંસલ કર્યા બાદ ફ્રી રાશન, વીજળી, આરોગ્ય સુવિધા, મહિલા મુસાફરી સહિતની જાહેરાતો સાથે હવે ગુજરાતમાં પણ સત્તા હાંસલ કરવા કેજરીવાલ તલપાપડ થઈ રહ્યાં છે.

બીજેપીના ૨૭ વર્ષના શાસનથી મુક્તિ અપાવવા અને ગુજરાતમાં પણ દિલ્હી-પંજાબ મોડલ લાગુ કરવાની નેમ સાથે આમ આદમી પાર્ટીએ ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં જીત મળે તો મુખ્યમંત્રી કોણ બનશે તેમના નામ અંગે જનતા પાસેથી મંતવ્ય મંગાવ્યા હતા. જનતાના મતના પરિણામો જાહેર કરવા દિલ્હીના મુખ્યમંત્રી અને રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ અને પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન હાજર રહ્યાં હતા.

બંને આપ મુખ્યમંત્રીઓએ ગુજરાત ચૂંટણી માટે મુખ્યમંત્રી પદના ઉમેદવાર માટે સૌથી વધુ મત ઈશુદાન ગઢવીને મળ્યા છે. આ મુખ્યમંત્રીના નામની રેસમાં સૌથી મોખરે ઈશુદાન ગઢવીનું નામ ચર્ચાઈ રહ્યુ હતુ.

આ સિવાય આપના યુવા પ્રદેશ પ્રમુખ ગોપાલ ઈટાલીયાનું નામ પણ મુખ્યમંત્રીની દાવેદારીમાં તથા યુવા અને વિદ્યાર્થી નેતા તરીકે જાણીતા બનેલા યુવરાજસિંહ જાડેજાનું નામ પણ ચર્ચામાં હતા. આ ઉપરાંત પાટીદાર આંદોલનથી જાણીતા બનેલા અલ્પેશ કથીરિયાનું નામ ચર્ચાઈ રહ્યું હતુ.

પ્રેસ કોન્ફરન્સની શરુઆત પૂર્વે મોરબી હોનારતના મૃતકોને ૨ મીનીટનું મૌન પાડીને શ્રધ્ધાંજલિ આપવામાં આવી.

કેજરીવાલે કહ્યું કે ગુજરાત હવે પરિવર્તન તરફ જઈ રહ્યું છે,૨૭ વર્ષના કુશાસનથી ગુજરાત હવે મુક્ત થવા જઈ રહ્યું છે.અમે ઓફિસમાં બેસીને જાહેરાતો નથી કરતા.વોટિંગમાં કુલ ૧૬,૪૮,૫૦૦ મત મળ્યા છે. ઈશુદાન ગઢવીને મુખ્યમંત્રી તરીકે ગુજરાતની જનતા પસંદ કર્યા છે

૭૩% લોકોએ ઈસુદાન ગઢવીના નામની પસંદગી કરી છે

આપના સુપ્રીમો અને દિલ્હી મુખ્યમંત્રી કેજરીવાલે પોતાના સંબોધનમાં કહ્યું હતું કે ગુજરાતના ઈતિહાસમાં પ્રથમ વખત બન્યું છે કે પ્રજાને પોતાનો ઝસ્પસંદ કરવાનો મોકો મળ્યો છે. અમે એક રૂમમાં બેસીને નક્કી નથી કરતા કે રાજ્યનો મુખ્યમંત્રી કોણ હશે, અમે પંજાબમાં પણ જનતાને પૂછ્યું હતું ત્યારે હવે ગુજરાતમાં પણ નક્કી જ છે કે આપ પાર્ટીની સરકાર બની રહી છે ત્યારે અમે ફરીથી એ જ પ્રક્રિયા કરી રહ્યાં છે. ગુજરાતમાં આ વખતે તમામ સર્વે ફેલ જવાના છે અને આમ આદમી પાર્ટીની સરકાર બની રહી છે. આટલા વર્ષો સુધી ભાજપ અને કોંગ્રેસ સિવાય પ્રજા પાસે કોઈ વિકલ્પ ન હતો, આ વખતે તેમની સામે આપ પાર્ટી એક મજબૂત વિકલ્પ તરીકે ઊભરી છે. લોકો પરિવર્તન ઈચ્છે છે તેવું અમને સતત મીડિયામાં પણ જોવા મળી રહ્યું છે.

# ગાંધીનગર (ઉ) અને (દ) માટે ૪-૪ની પેનલ

**ભાજપમાં દહેગામ માટે ૪, કલોલ માટે ૬ અને માણસા માટે પાંચની પેનલ કેન્દ્રને મોકલાવાશે**

ગાંધીનગર, તા. ૪

ભાજપ પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડ સમક્ષ આજે જિલ્લાની પાંચેય બેઠક માટેના ઉમેદવારોની પેનલ તૈયાર કરી દેવામાં આવી છે. જો કે ગાંધીનગર (દ) અને દહેગામ બેઠક માટે નવા નામો આવી શકે છે તેવા સંકેતો મળી રહ્યા છે.

ગાંધીનગર (ઉ) બેઠક માટે જે ચાર નામ નિયત કરાયા છે તેમાં નીતિનભાઈ સોમનાથ પટેલ, અશોકભાઈ પટેલ (પૂર્વ ધારાસભ્ય), રૂચીર ભટ્ટ (શહેર પ્રમુખ), તેમજ રીટાબેન કે. પટેલ (પૂર્વ મેયર)નો સમાવેશ થાય છે.

ગાંધીનગર (દ) બેઠક માટે વાઘેલા ઈશ્વરજી બેચરજી, ઠાકોર સરોજબેન એસ. (પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખ), પટેલ કોદરભાઈ (સહકારી અગ્રણી), અલ્પેશ ઠાકોરના નામનો સમાવેશ થાય છે.

દહેગામ બેઠક માટે વર્તમાન ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણ, કિરીટસિંહ બિહોલા, ધર્મેન્દ્રસિંહ ચૌહાણ, રોહિતજી ઠાકોરના નામનો સમાવેશ થાય છે.

જિલ્લાની કલોલ બેઠક માટે ૬ નામોની પેનલ તેમજ માણસાની બેઠક માટે પાંચ નામની પેનલ બનાવવામાં આવી છે.

કલોલમાં પટેલ ગોવિંદભાઈ જોઈતારામ, પરિન અતુલભાઈ પટેલ, લક્ષ્મણજી ઠાકોર, જિલ્લા પંચાયત કારોબારી સમિતિના ચેરમેન અનિલ પટેલ, કલોલ શહેર પ્રમુખ જે.કે. પટેલ તેમજ નગરપાલિકાના પ્રમુખ સુશ્રી ઉર્વશીબેન પટેલના નામ પર ચર્ચાઓ થઈ પેનલ તૈયાર કરવામાં આવી છે.

માણસા વિધાનસભા બેઠક માટે અમીતભાઈ ચૌધરી (પૂર્વ ધારાસભ્ય), ડી.ડી. પટેલ, જે.એસ. પટેલ, અનિલભાઈ પટેલ (જિલ્લા પ્રમુખ) તેમજ યોગેશ પટેલના નામનો સમાવેશ થાય છે.

**ગાંધીનગર (ઉ) માટે અશોકભાઈ પટેલ, નિતીનભાઈ પટેલ, રૂચિર ભટ્ટ અને રીટાબેન પટેલ અને ગાંધીનગર (દ) માટે આઈ.બી. વાઘેલા, સરોજબેન ઠાકોર, કોદરભાઈ પટેલ અને અલ્પેશ ઠાકોરનો પેનલમાં સમાવેશ**

પ્રદેશ મોવડીમંડળ હવે આ નામો કેન્દ્રીય પાર્લામેન્ટરી બોર્ડને મોકલશે. ૭મીએ કેન્દ્રીય પાર્લામેન્ટરી બોર્ડની બેઠક મળશે તેમ મનાઈ રહ્યુ છે.

પક્ષના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે પ્રથમ ચરણમાં મતદાન થવાનું છે તે બેઠકોના નામ ૭મીએ મોડી રાત સુધીમાં જાહેર થશે. આ પછી નવમી કે ૧૦મી નવેમ્બરની આસપાસ બીજા તબક્કાની ચૂંટણી માટેના નામોની જાહેરાત થશે.

જિલ્લામાં વિધાનસભાના ઉમેદવારોના નામને લઈ વાતાવરણમાં ઉત્તેજનાસભર ચર્ચાઓ સાંભળવા મળી રહી છે એટલુ જ નહિ ચૂંટણી એ હવે ટોક ઓફ ધી ટાઉન બની ગયુ છે.

# ચૂંટણી માટે જિલ્લાતંત્ર સંપૂર્ણ સજ્જ

**શહેરી વિસ્તારમાં ૪૨૧ મતદાન મથકો, ગ્રામ્યમાં ૯૨૯ મતદાન મથકો, ૬ હજાર કર્મયોગી ચૂંટણીની ફરજો બજાવશે : ૬ હજાર પોલીસ કર્મયોગીઓ ફરજ બજાવશે : જિલ્લા કલેક્ટર પ્રવિણા ડી. કે.**

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લામાં વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ માટે તંત્ર સંપૂર્ણ રીતે સજ્જ હોવાનો દાવો જિલ્લા કલેક્ટર પ્રવિણા ડી.કે.એ આજે પત્રકારો સાથેની વાતચીતમાં કર્યો હતો. તેમણે કહ્યુ હતુ કે નિષ્પક્ષ ચૂંટણી યોજવા માટે ૨૪ જેટલા નોડલ ઓફિસરો નિયુક્ત કરવામાં આવ્યા છે.

તેમણે જણાવ્યુ હતુ કે વિધાનસભાની પાંચ બેઠકો જિલ્લામાં છે. આ પાંચેય બેઠકો પર બીજા તબક્કામાં મતદાન યોજાશે. આ માટેનું જાહેરનામુ ૧૦મી નવેમ્બરના રોજ જારી કરવામાં આવશે અને તે દિવસથી જ ઉમેદવારી પત્રો ભરવાની પ્રક્રિયાનો પ્રારંભ થશે.

સુશ્રી પ્રવિણા ડી.કે. એ જણાવ્યુ હતુ કે પાંચ વિધાનસભા વિસ્તારમાં એક શહેરી મત વિભાગ છે જ્યારે ૪ મત વિભાગો ગ્રામ્ય વિસ્તારના છે. જિલ્લાની પાંચેય બેઠકો સામાન્ય બેઠક છે.

તેમણે કહ્યુ હતુ કે જિલ્લામાં ચૂંટણી માટે ૧૩૫૦ મતદાન મથકો નિયત કરવામાં આવ્યા છે. જેમાં ૪૨૧ મતદાન મથકો શહેરી વિસ્તારમાં તેમજ ગ્રામ્ય વિસ્તારમાં ૯૨૯ મતદાન મથકો આવેલા છે. શહેરી વિસ્તારમાં મતદાન મથકો ૧૫૩ સ્થળો પર અને ગ્રામ્ય વિસ્તારમાં ૪૯૪ સ્થાનો પર આવેલા છે.



જિલ્લામાં સામાન્ય ચૂંટણી માટે ૩૫ સખી મતદાન મથકો, પાંચ આદર્શ મતદાન મથકો, ૫ દિવ્યાંગ મતદાન મથકો, પાંચ ઈકો ફ્રેન્ડલી અને ૧ યુવા મતદાન મથક હશે.

તેમણે જણાવ્યુ હતુ કે જિલ્લામાં નોંધાયેલા મતદારોની સંખ્યા ૧૩,૨૫,૬૦૪ છે. જેમાં પુરૂષ મતદારોની સંખ્યા ૬,૭૯,૨૧૨ તેમજ સ્ત્રી મતદારોની સંખ્યા ૬,૪૬,૩૪૩ છે. અન્ય મતદારોની સંખ્યા ૪૯ છે.

જિલ્લામાં ૧૮ થી ૧૯ વર્ષની વયજૂથના ૨૭,૫૯૯ મતદારો અને ૨૦ થી ૨૯ વર્ષની વયજૂથના ૨,૬૬,૬૬૮ મતદારો નોંધાયેલા છે. જિલ્લામાં ૮૦થી વધુ વય ધરાવતા મતદારોની સંખ્યા ૨૪,૨૭૦ છે. સેવામતદારોની સંખ્યા ૧૦૯૨ અને પીડબલ્યુડી મતદારોની સંખ્યા ૧૪,૦૫૭ છે.

જિલ્લામાં ચૂંટણી વિષયક કામગીરી ૬ હજાર જેટલા કર્મયોગીઓ કરશે. આ ઉપરાંત કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે ૬ હજાર પોલીસ કર્મયોગીઓ ફરજ બજાવશે.

તેમણે જણાવ્યુ હતુ કે જિલ્લામાં રાજકીય પક્ષો અને ઉમેદવારને વિવિધ પરવાનગી માટે સિંગલ વિન્ડો સિસ્ટમ અમલી બનાવી દેવામાં આવી છે.

તેમણે જણાવ્યુ હતુ કે એફ.એસ.ટી.ની ૨૦ ટીમ,એસ.એસ.ટી.ની ૨૮ ટીમ, વી.એસ.ટી.ની ૨૪ ટીમ અને વી.વી.ટી.ની ૧૨ ટીમનું ગહન કરી દેવાયુ છે. એફ.એસ.ટી. અને વી.એસ.ટી.ની ટીમો કાર્યરત કરી દેવાઈ છે. જિલ્લાકક્ષાએ કંટ્રોલરૂમ પણ કાર્યરત કરી દેવામાં આવ્યો છે. આ ઉપરાંત સીવીજીસ અને અન્ય એપ પણ કાર્યરત કરી દેવાઈ છે. સીવીજીસથી મળેલ ફરિયાદનું ૧૦૦ મિનિટમાં નિરાકરણ કરવામાં આવશે.

# ઈ.વી.એમ. રખાયા છે તે વેરહાઉસનું એલાર્મ વાગતાં તંત્ર દોડ્યુ

**તપાસના આદેશો જારી કરાયા**


ગાંધીનગર, તા. ૪

ગુજરાતમાં વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ યોજવાની ઘોષણાના શબ્દો હજુ સુકાયા નથી ત્યાં આજે સવારે ગાંધીનગરમાં ઈવીએમ મશીન રાખવામાં આવેલા કમિશનના વેરહાઉસમાં એલાર્મ ગુંજી ઉઠતાં તંત્રના અધિકારીઓ દોડતા થઈ ગયા હતા.

ઉચ્ચ અધિકારીઓ સહિત રાજકીય પક્ષોની હાજરીમાં વેરહાઉસ ખોલી એલાર્મ કેવી રીતે વાગ્યો તે ચકાસવામાં આવ્યા બાદ તપાસના આદેશ આપવામાં આવ્યા છે.

અચાનક ઘટેલી ઘટનાથી તંત્રના અધિકારીઓ, પોલીસ અને ફાયરની ટીમ સ્થળ પર પહોંચી ગઈ હતી. ચૂંટણી જાહેર થવાના બીજા જ દિવસે વેરહાઉસમાં એલાર્મ ગુંજી ઉઠતાં રાજકીય પક્ષોના આગેવાનો પણ દોડી ગયા હતા. નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી યોગીરાજસિંહ ગોહિલે જણાવ્યુ હતુ કે દસ વાગ્યાની આસપાસ જાણ થતાં જ સ્થળ પર પહોંચી તપાસ શરૂ કરવામાં આવી હતી. ફાયરની ટીમ સાથે મેઈન સ્વીચ બંધ કરી એલાર્મ બંધ કરી દેવાયુ હતુ. પ્રાથમિક રીતે ભેજના કારણે એલાર્મ વાગ્યુ હોય તેવી માહિતી મળી છે તેમ છતાં એક તપાસ ટીમ ઈલેક્ટ્રીકલ અધિક્ષક ઈજનેર સહિતની બનાવી તપાસના આદેશ અપાયા છે.


**બેસણું**



અમારા પરમ પૂજ્ય પારિવારિક સ્વજન
**શ્રી કિરણકુમાર પ્રવીણચંદ્ર મહેતા**
તા.૦૨-૧૧-૨૦૨૨ બુધવારના રોજ દુઃખદ નિધન થયુ છે.
સદ્દગતનું બેસણું તા.૦૬-૧૧-૨૦૨૨ને રવિવારના રોજ સવારે ૯:૦૦ થી બપોરે ૧૨:૦૦ કલાકે રાખેલ છે.
સ્થળ : કોમ્યુનીટી હોલ, રામદેવ પીર મંદિર પાસે, પેથાપુર

લી. શ્રી ઈન્દ્રવદન ઉમિયાશંકર મહેતા (કાકા)
શ્રી જયેન્દ્રભાઈ પ્રવિણંચદ્ર મહેતા (ભાઈ)
શ્રી વિનોદભાઈ પ્રવિણચંદ્ર મહેતા (ભાઈ)
શ્રી ગીરીશભાઈ પ્રવિણચંદ્ર મહેતા (ભાઈ)
ડૉ. અમીષ કિરણકુમાર મહેતા : Mo. 9925134899
ગં. સ્વ. જશુમતીબેન પ્રદ્યુમનભાઈ મહેતા (કાકી)
ગં. સ્વ. સુમિત્રાબેન કિરણકુમાર મહેતા (પત્નિ)
ડૉ. અમિષ કિરણકુમાર મહેતા (પુત્ર)
શ્રી રિતેષ કિરણકુમાર મહેતા (પુત્ર)

સાસરીપક્ષનું બેસણું ઉપરોક્ત સમયે અને સ્થળે રાખેલ છે.
લી. શ્રી પ્રકાશભાઈ નરહરિભાઈ પુરોહિત, શ્રી મહેશભાઈ નરહરિભાઈ પુરોહિત



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


# સે-૪ એમાં ગટરો ઉભરાતા રહીશોના ઘર આંગણે જ દુષિત પાણીનો ભરાવો

**સ્થાનિક ઇન્કવાયરી કચેરીમાં અનેકવાર ફરિયાદ કરવા છતા સમસ્યાનુ નિરાકરણ આવતુ ન હોવાથી રહીશો આગ બબુલા**

ગાંધીનગર તા ૪

શહેરમાં હાલ એકબાજુ પાણી ગટરની નવી લાઈન



નાંખવામાં આવી રહી છે. ત્યારે પાણી તેમજ ગટરની લાઈન વારંવાર ઉભરાતી હોવાની ફરિયાદો પણ સ્થાનિકો માટે રોષનુ કારણ બની છે. શહેરમાં દાયકાઓ જુની ગટર લાઈનમાં વારંવાર ખામી સર્જાય છે. જેના લીધે રહીશોના ઘર આંગણે જ દુષિત પાણીનો ભરાવો થાય છે. સે-૪ એ માં પણ આવી જ સ્થિતિ છે. અસહ્ય દુર્ગંધ વચ્ચે ગુંગળામણ અનુભવતા રહીશોની ફરિયાદનુ હજુ સુધી નિરાકરણ આવ્યુ નથી.

શહેરના સેકટરોમાં પાણી ગટરની નવી લાઈન નાંખવામાં આવી રહી છે. જયારે હાલ પાણી ગટરની નવી લાઈન નાંખવાની કામગીરી દરમિયાન પણ અનેક સમસ્યાઓ ઉભી થાય છે. આ સ્થિતિ વચ્ચે સેકટરોમાં તેમજ મુખ્યમાર્ગો પર લાઈનમાં લીકેજીસની સમસ્યા વધી ગઈ છે. હાલ એકબાજુ શિયાળામાં પાણીનો વપરાશ પણ ઘટયો છે. ત્યારે દબાણ વધવાના લીધે પણ લાઈનમાં લીકેજીસ વધુ થાય છે. આવા સંજોગોમાં નવી લાઈન નાંખવાની કામગીરી સાથે તંત્રએ લીકેજીસ ડામવા માટે પણ દોડવાનો વારો આવ્યો છે. બીજીતરફ ગટરની પણ નવી લાઈન નાંખવામાં આવી રહી છે. મોટા ડાયામીટરની નવી લાઈન નાંખવા માટે પણ કામ હાથ ધરવામાં આવ્યુ છે. શહેરના સેકટરોમાં સ્થિત દાયકાઓ જુની ગટર લાઈન સ્થાનિક રહીશો તેમજ તંત્ર માટે પણ શિરદર્દ સમાન બની છે. સેકટરોમાં અંદાજિત ૪૦ વર્ષ જુની લાઈનો છે. જેના લીધે હાલની સ્થિતિએ સેકટરોના આંતરિક વિસ્તારમાં પણ ગટર લાઈન ઉભરાવાની સમસ્યાઓ રોજબરોજ કકળાટનુ કારણ બને

● અનુસંધાન પાન-૭ પર

# રહીશોના ઘર સાથે જોડાયેલી લાઈનમાં ખરાબીના લીધે કેટલાક પોકેટમાં પાણીનો કકળાટ

**પાટનગર યોજનાના અભ્યાસના અંતે વર્ષો જૂની પ્લાસ્ટીકની લાઈન સડી જતા સમસ્યા થતી હોવાનું સ્પષ્ટ થયું**

ગાંધીનગર તા ૪

ગાંધીનગર શહેરમાં ઓછા દબાણથી પાણી મળી રહ્યાની ફરિયાદો સમયાંતરે વિવિધ સેકટરમાં ચોક્કસ ઘર કે થોડા મકાનો પુરતી ઉદ્દભવતી હોવાની વાતે પાટનગર યોજના વિભાગે કરેલી સ્થળ હાથ ધરી હતી જેના અંતે તપાસમાં મેઈન લાઈનથી ઘર સુધીનું જોડાણમાં પાઈપ સડી જવાના લીધે લીકેજના કારણે પાણીનો કકળાટ ઉઠ્યો હોવાનું ધ્યાને આવ્યું છે આ મામલે જરૂર જણાય તો જોડાણની લાઈન બદલવા તંત્ર દ્વારા સૂચવાયું છે

પાણી વિતરણની મેઈન લાઈનથી રહીશોના ઘર સુધીની પાઈપ લાઈનની નિભાવણી રહીશોના શીરે હોય છે . ત્યારે કેટલાક કિસ્સામાં આ બાબતને ધ્યાનમાં રાખી પોતાના તાબામાં આવતી પાણી અને ગટરની લાઈની ચકાસણી કરીને સડેલી, તૂટેલી કે લીકેજ લાઈનો તત્કાલ બદલવા ની અનિવાર્યતા હોવાનું પણ ધ્યાને આવ્યું છે.

આવા સંજોગોમાં જન આરોગ્યની બાબત પણ નજરે રાખવી હિતાવહ છે નગરમાં પાણીના વિતરણની વ્યવસ્થાને વિભાજીત કરવામાં આવી છે અને તેના માટે ચરેડી વોટર વર્કસ, સરિતા ઉદ્યાન વોટર વર્કસ અને ત્યાર બાદ સેક્ટર ૫માં ઉંચી ટાંકી અને સમ્પ સહિતની કરવામાં આવેલી વ્યવસ્થાના લીધે પૂરતા દબાણ થી પાણીનો સપ્લાય આપવામાં આવે છે છતાં કેટલાક ઘરોમાં ઓછા દબાણથી પાણી આવવાની ફરિયાદોના પગલે ઘણા કિસ્સામાં ખાસ તપાસ કરવામાં આવી હતી. જેના અંતે ગ્રાહક દ્વારા પાણીની મેઈન લાઈનમાંથી જોડાણ મેળવવા માટે જે પાઈપનો ઉપયોગ કરવામાં આવ્યો હોય તે પાઈપ કટાઈ જઈને લીકેજ થઈ ગઈ હોય છે.તેવું પણ ધ્યાને આવ્યું છે. પ્લાસ્ટિકની લાઈન નાખવામાં આવી હોય ત્યાં જયાં જયાં જોડાણ કરવામાં આવ્યા હોય તેના સોલ્યુશન ઉખડી જવાથી પાણી લીક થતું હોવાનું ધ્યાનમાં આવ્યું છે. પરિણામે ગ્રાહકને પુરા દબાણથી પાણી મળતું ન હોવાનો કકળાટ ઉઠ્યો છે

# ૩૯૯૯ પોસ્ટર્સ, બેનર્સ તેમજ ભીંત ચિત્રો દૂર કરાયા

ચૂંટણીની આદર્શ આચારસંહિતાનો અમલ શરૂ થતાં જ મોડલ કોડ ઓફ કન્ડક્ટ માટે નિમાયેલ ટીમે ૧૦૦૯ બેનર, ૯૪૬ પોસ્ટર્સ, ૧૨૪૨ સ્થાનો પર દોરાયેલા ચિત્રો દૂર કર્યા છે.

ટીમોએ ૮૦૧ જેટલી અન્ય વસ્તુઓ પણ જે આચારસંહિતાનો ભંગ જણાતાં દૂર કરવામાં આવી છે. આમ ચૂંટણી જાહેર થવાના ૨૪ કલાકમાં જ ૩૯૯૯ જેટલા સ્થાનો પર તંત્રની ટીમો પહોંચી હતી અને બધુ દૂર કરવામાં આવ્યુ છે.

આ કામગીરી હજુ પણ ચાલુ છે અને હજુ બે દિવસ વધુ સઘન રીતે ચાલશે તેમ તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

# ૮૦ થી વધુ વયના મતદારો ઘરેથી મતદાન કરવા માગતા હશે તો કરી શકશે

**આ માટે ફોર્મ ૧૨ ડી ભરવાનુ રહેશે : બી.એલ.ઓ. દ્વારા આવા મતદારોનો સંપર્ક કરવાનું કામ શરૂ : એક સપ્તાહમાં આ અંગે ચોક્કસ નંબર ખબર પડશે**

સેવા મતદારોની વ્યાખ્યામાં ચૂંટણી પંચે કરેલા વિસ્તારને પગલે ૮૦ થી વધુ વય ધરાવતા મતદારો અને દિવ્યાંગ મતદારોને આ ચૂંટણીમાં ઘરેથી મતદાન કરવા માટેની છૂટ અપાશે.

આ માટે પોષ્ટલ બેલેટનો ઉપયોગ કરવામાં આવશે. આવા મતદારોએ ફોર્મ નં. ૧૨ ડી ભરવાનુ રહેશે.

જિલ્લાના ૧૩૫૦ બી.એલ.ઓ. આ માટે ઘરે ઘરે જઈ આ મતદારોનો સંપર્ક કરી તે ફોર્મ ભરાવડાવશે. આ પછી પોષ્ટલ બેલેટ માટે અમારી ટીમ જશે તેમ જિલ્લા કલેક્ટર ડી.કે. પ્રવિણાએ જણાવ્યુ હતુ.

તેમણે જણાવ્યુ હતુ કે આ માટેની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે અને એક જ સપ્તાહમાં તે સંપન્ન કરવામાં આવશે.

કોવિડથી પિડીત દર્દી માટે તબીબી અધિકારીના પ્રમાણપત્ર સાથે આવી અરજી મળશે તો તેમને પોષ્ટલ બેલેટ અપાશે. જો કે આ અંગે હજુ ડિટેઈલ ગાઈડલાઈન આવી નથી.

# જિલ્લામાં યુવા મતદારો નિર્ણાયક

**૨૭,૫૯૯ મતદારો પ્રથમ વખત મતાધિકારીનો ઉપયોગ કરશે**

જિલ્લામાં ૨૭,૫૯૯ મતદારો આ વખતે વિધાનસભાની સામાન્ય ચૂંટણીમાં પ્રથમવાર મતદાન કરશે.

જિલ્લામાં યુવા મતદારો એ નિર્ણાયક બનશે. ૨૦ થી ૨૯ વર્ષની વયના મતદારોની સંખ્યા ૨,૬૬,૬૬૮ છે. ૩૦ થી ૩૯ વર્ષની વયના મતદારોની સંખ્યા ૩,૩૩,૭૧૫ મતદારો છે.

૪૦ થી ૪૯ વયજૂથના ૨,૬૬,૯૯૫ મતદારો, ૫૦ થી ૫૯ વયજૂથના ૨,૦૮,૩૨૮ મતદારો છે. જ્યારે ૬૦ થી ૬૯ વયજૂથના ૧,૩૩,૬૬૩ તેમજ ૭૦ થી ૭૯ વયજૂથના ૬૪,૩૬૬ જ્યારે ૮૦ થી વધુ વય ધરાવતા ૨૪,૨૭૦ મતદારો નોંધાયેલા છે.

આમ જિલ્લામાં યુવા મતદારો એ આ ચૂંટણીમાં નિર્ણાયક બનશે.

જિલ્લામાં સૌથી વધુ નોંધાયેલા મતદારો ગાંધીનગર (દ)માં છે. જે ૩,૭૧,૫૯૮ છે. આ પછી ગાંધીનગર (ઉ)માં ૨,૫૩,૬૮૮, કલોલમાં ૨,૪૮,૭૮૪, માણસામાં ૨,૩૦,૮૪૭ અને દહેગામમાં ૨,૨૦,૬૮૭ મતદારો છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com